
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૩ ટકા

ગાંધીનગર તાપમાન

# આજે ગાંધી-વિચાર કેટલો પ્રસ્તુત...

## શહેરના ચિંતકોના મતે ગાંધી-વિચાર જ વર્તમાન સમસ્યાઓનો ઉકેલ આપી શકે એમ છે

**આજે મોહનદાસ કરમચંદ ગાંધીની જન્મજયંતિ છે. તેઓ 'મહાત્મા' બન્યા, તેઓ 'બાપુ' તરીકે હુલામણા નામે પણ ઓળખાયા અને અંતમાં તેમને 'રાષ્ટ્રપિતા'નું પણ સન્માન આપવામાં આવ્યું. ગાંધીજી અહિંસા અને સત્યાગ્રહના મસીહા હતા. તેઓ અંગ્રેજોના શાસનમાંથી ભારતને આઝાદ કરાવવાની લડાઈ લડયા હતા અને ગરીબ ભારતીયોના અધિકાર માટે અવાજ ઉઠાવ્યો હતો. અહિંસક વિરોધના તેમણે શીખવેલા મંત્રને આજે સમગ્ર દુનિયામાં આદર સાથે યાદ કરવામાં આવે છે. અહિંસા અને શાંતિના આ પૂજારી એવા મોહનદાસ કરમચંદ ગાંધી વિશે લખવા માટે ઘણું બધું લખી શકાય છે ત્યારે ગાંધીનગર સમાચારે કેટલાક મહાનુભાવોના વિચારો 'ગાંધી વિચાર આજના સમયમાં કેટલા પ્રસ્તુત છે તેમની દૃષ્ટિએ?' વિષય પર પોતાના વિચાર પ્રગટ કર્યા છે.**



●●●

ગાંધી-વિચાર માત્ર આજના જ સંદર્ભમાં પ્રસ્તુત ન હોય પણ ગાંધીજી તો અતિત અને અનાગત એટલે કે ભૂતકાળમાં વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં આ બધા જ માટે ગાંધી વિચાર પ્રસ્તુત રહેવાનો છે. ગાંધી એક વ્યિકત તરીકે આપણે ન જોઈએ પણ ગાંધી વિચારની રીતે જોઈએ તો સમગ્ર વિશ્વ આજે ગાંધી વિચાર તરફ વળ્યું છે. અને દરેકને એમ લાગે છે કે ગાંધી જીવન દર્શન એજ માત્ર શાંતિ માટે અહિંસા માટે જરૂરી છે એટલે ગાંધીના સંદર્ભમાં આજકાલ એક ફેશનમાં એમ થયું છે કે ગાંધીની પ્રસ્તુતિ કેટલી? પણ મને એવું લાગે છે કે એ ભીત ભૂલ્યા છે ગાંધી જીવનદર્શનનું જો સમગ્ર દર્શન કર્યું હોય કે વાંચ્યું હોય તો આપણને એવું લાગે છે કે ગાંધીજીએ કોઈ નવી વાત કરી નથી અને તેમ છતાંયે દુનિયા આખીને યુગોમાંથી ઉગારવાનો માર્ગ ગાંધીએ બતાવ્યો છે એટલે એ રીતે જોઈએ તો વર્તમાન તો ખરું જ અત્યારની જે પરિસ્થિતિ વિશ્વની છે એ પરિસ્થિતિમાં ગાંધી વિચાર અને ગાંધી દર્શન એ એક રાહત દેવા માટેનો ઉપાય છે આપણા માટે....



**- ભાનુભાઈ પુરાણી**
**(વરિષ્ઠ સાહિત્યકાર)**

●●●

ગાંધીના બે મુખ્ય મુદ્દા હતા. સત્ય અને અહિંસા. આ બે એવા મૂલ્યો છે જે શાશ્વત છે. ગાંધી પૂર્વે પણ હતા અને પછી પણ આ બંને મૂલ્યોનું મહત્વ કોઈ પણ સમયમાં એટલું જ રહેવાનું. એટલે આજના સમયમાં આપણે જયારે વાત કરતા હોઈએ તો ગાંધી એટલા જ પ્રસ્તુત રહેવાના આ બે મૂલ્યોના કારણે. કારણ કે છેલ્લે બધી અશાંતિ પછી માણસને એવું લાગતું હોય છે કે હવે શાંતિ જોઈએ ને તોયે તે અહિંસા તરફ વળે છે. તો આ બે મૂલ્યોના કારણે હું માનું છું કે જયાં સુધી પૃથ્વી પર માનવ સૃષ્ટિ છે ત્યાં સુધી આ ગાંધી પણ જીવંત રહેશે અને આ બે મૂલ્યો પણ જીવંત રહેશે.



**- ધ્વનિલ પારેખ**
**(કવિ, અધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ)**

●●●

પૂજ્ય બાપુએ અપરિગ્રહનો સૌથી મોટો વિચાર માનવસમાજને આપ્યો હતો અને અપરિગ્રહ એટલે વ્યકિતએ ઓછામાં ઓછી જરૂરિયાત રાખવી જોઈએ. એટલે એનો અર્થ એવો થયો કે ઉપભોકતા વાદના ગુલામ માનવજાતે ન બનવું જોઈએ. પરંતુ આજે આપણે બધા જ જાણે અજાણે માર્કેટિંગ અને જુઠ્ઠા પ્રચારની જાળમાં આવી જઈએ છીએ અને રોજબરોજમાં જીવનમાં કોઈ જરૂર ન હોય તેવી વસ્તુઓ ખરીદ્યા કરીએ છીએ. આ ઉપભોકતા વાદના ત્રણ માઠા પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. (૧) વધુ પડતા કુદરતી સંશાધનોને વાપરવાના કારણે ગ્લોબલ વોર્મિંગની આજની સમસ્યાઓ સર્જાઈ છે. (૨) ખોટા ઉપભોકતાવાદની પાછળ ખરીદી માટે આર્થિક વ્યવસ્થા ન હોય તો અપ્રમાણિક રસ્તે પણ પૈસા કમાવવાનું મન થાય છે (૩) જે લોકો ગરીબીમાં જીવે છે તેમના ભાગનું આપણે મોજશોખ પાછળ વાપરી નાંખીએ છીએ. તો આપણે સૌ એક માત્ર અપરિગ્રહનો અપનાવીએ. તો પણ બાપુ માટેનો આપણો પ્રેમ પ્રગટ કરી શકીશું.



**- મહેન્દ્ર ત્રિવેદી**
**(પૂર્વ ગૃહમંત્રી)**

●●●

અત્યારે ગાંધી વિચાર વધારેમાં વધારે પ્રસ્તુત છે કારણ કે ગાંધીજીએ સર્વ ધર્મ સમભાવની વાતો કરી હતી એના બદલે અત્યારે આપણે માત્ર હિન્દુ રાષ્ટ્ર અને બહુમતીવાદ એવી વાત કરી રહ્યા છીએ અને દેશની અંદર ગમે તે કારણોસર આપણે આપણો તર્ક શોધી કાઢીએ છીએ પણ એક કોમ વિશે અતિશય ઝેર અત્યારે ઓકવામાં આવી રહ્યું છે અને બધા સાથે જીવી શકીએ નહી તે સાથેની ભૂમિકા અને એ સુધીની સોશિયલ મીડિયા પર બધો પ્રચાર પ્રસાર ચાલે છે ત્યારે ગાંધીની પ્રસ્તુતતા આ મુદ્દે બહુ જ મહત્વની છે કે આપણો આખો ધર્મ સર્વ ધર્મ સમભાવવાળો છે. બધા ધર્મોને સાથે લઈને ચાલનારો છે અને અપવાદો જુદી વસ્તુ છે. કોઈ વ્યકિત ખરા હોઈ શકે પરંતુ આખી કોમ આખો ધર્મ એ ચડિયાતો કે ઉતરતો એવું કાંઈ ન હોય પરંતુ સર્વ સમાન હોય એટલે આ દૃષ્ટિએ ગાંધીનો સંદેશ ગાંધી જયંતિના દિવસે લોકોએ ખરેખર કાંઈ કરવા માંગતા હોય તો અંદર ઉતારવાની જરૂર છે.



**- ડંકેશ ઓઝા**
**(કોલમિસ્ટ, સર્જક, નિવૃત્ત સરકારી અધિકારી)**

## સરસ્વતી વિદ્યાલયમાં ગાંધી જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૧

સરસ્વતી વિદ્યાલય સે-૬ ખાતે ગાંધી જયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયા હતા. જે અંતર્ગત પ્રાથમિક વિભાગમાં એક પાત્રીય અભિનય, ગાંધીજીના જીવન પ્રસંગને વાચા આપતું નાટક, દેશ ભકિત ગીત તેમજ નૃત્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઓનલાઈન શિક્ષણ લેતા બાળકોએ પોતાના ફોટા પાડીને ગૃપમાં મોકલ્યા હતા. માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાંઆવ્યું હતું. શાળાના આચાર્યએ ગાંધીજીના ઉચ્ચ આદર્શો વિશે પોતાનું વકતવ્ય આપ્યું હતું.

## એમ.બી. પટેલ સ્કૂલમાં ઓનલાઈન ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ગાંધી જયંતિ પર્વનિમિત્તે ધો-૩થી ૫ની વિદ્યાર્થીની બહેનો માટે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિષય પર તથા આપણા જીવનમાં સ્વચ્છતાનું મહત્વ વિષય પર ઓનલાઈન પ્રવૃત્તિ કરી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ દક્ષાબેન પટેલ અનો હિનલબેન ઉપાધ્યાયે કર્યુ હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## એસ.એસ.વી. શાળામાં ગાંધી જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૧

એસ.એસ.વી. શાળામાં ગાંધીજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગાંધીજીની વેશભૂષા પહેરીને બાપુના આદર્શો પર ચાલવાનો સંકલ્પ કર્યો હતો. ગાંધીજી વિષે નિબંધ, સ્લોગન, રાઈટીંગ, ચિત્ર જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણે આ દિવસની ઉજવણી કરી હતી.

### લોહાણા ઉઠમણું

હિરેન જસાણીના પિતાશ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ જસાણીનું દુઃખદ અવસાન તા. ૩૦-૯-૨૦૨૧, ગુરૂવારના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૨-૧૦-૨૦૨૧, શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે મંગલમૂર્તિ ફલેટનું પાર્કીંગ, ચરેડી પાણીની ટાંકીની આગળ આવતા ડાબી તરફ, પેથાપુર ખાતે રાખેલ છે. પિયરપક્ષની સાદડી પણ આજ સ્થળે રાખેલ છે.



બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર સંજય રાજેન્દ્રભાઈ પટેલ, પ્લોટ નં. ૧૬૬/૧, સે-૩ ન્યુ એ વોર્ડ નં. ૯, કોંગ્રેસ પાર્ટીનો ખેસ ઉર્પલભાઈ જોષીના હસ્તે પહેરીને કોંગ્રેસ પાર્ટીને ટેકો જાહેર કર્યો છે.

## બીસીએ કોલેજ ખાતે 'સ્માર્ટ ટેક્નોલોજી' વેબીનાર સંપન્ન

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીસીએ ખાતે સેમેસ્ટર ૩ના વિદ્યાર્થીઓ માટે સ્માર્ટ ટેક્નૉલોજી વિષય અંતર્ગત વેબીનાર યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત આ વેબીનારમાં કુલ ૩ સેશન્સમાં વિદ્યાર્થીઓને બારકોડ, ઊઈ કોડ, RFID, સ્માર્ટ કાર્ડ, સેન્સર ટેક્નોલૉજી, ફિંગર પ્રિન્ટ Recognition, ફેસ Recognition, વોઈસ Recognition, ઓસીઆર, ઓએમઆર વગેરે જેવી પ્રાથમિક ટેક્નોલૉજી વિષે માહિતી આપવામા આવી હતી. આ વેબિનારમાં વિષય નિષ્ણાત તરીકે પ્રો. પૂજા જોશીએ પોતાની સેવાઓ આપી હતી, સમગ્ર વેબિનારનું આયોજન કોલેજના ડાયરેક્ટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર ૩ના ૨૮૪ કરતાં વધારે વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## શહેરના ખ-૨ પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માત બે ને ઈજા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના ખ-૨ પાસે મોડી રાત્રે કેટીએમ બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં માર્ગ પટકાતા બે મિત્રોને શરીરે ઈજાઓ પહોંચી હતી. બંન્ને મિત્રોને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ સિવિલ ખાતે ખસેડાયા હતા. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બલયા ગામનો અને હાલ ગાંધીનગર સેકટર-૧૩ બી પ્લોટ નં. ૮૬૩-૧ જનકકુમાર લક્ષ્મીકાંત પટેલ અભ્યાસ કરે છે અને મિત્રો સાથે ભાડેથી રહે છે. જયારે જનક સાથે તેના મિત્ર હિરવ જવસીભાઈ પસાયા (રહે. સદર ગામ, તા.લિમડી, જી.દાહોદ)ની પાસે કેટીએમ બાઈક જી.જે.૧૮.ડી.કે.-૮૧૮૧ છે. બંન્ને મિત્રો રાત્રીના એક વાગ્યાની આસપાસ ચા-નાસ્તો કરવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. તે સમયે ખ-૨ પાસે કાર ચાલકે પોતાની કાર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકના આગળના ભાગે ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર પટકાતા બે મિત્રો પૈકી એક જમણા હાથે કાંડાના ભાગે ફેકચર અને છાતીના ભાગે ઈજા થઈ હતી. જયારે બીજા મિત્રને ડાબા પંગે પંજાના ભાગે અને શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮માં સિવિલ લઈ જવાયા હતા. જયા સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શાંતિ નિકેતન માધ્યમિક શાળામાં વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧

શાતિ નિકેતન માધ્યમિક શાળા સે-૨૯ ખાતે સ્વદેશી અપનાવો દેશ બચાવો વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા સ્વદેશી જાગરણ મંચના પદાધિકારીઓ ડૉ. સંજય રાવલ, બીપીનભાઈ રાવલ, ભદ્રેશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓમાં સ્વદેશી ચીજ વસ્તુઓનો ઉપયોગ રોજ બરોજની જરૂરિયાત માટે કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આચાર્ય અને સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આર.જી. પટેલ અને એસ.બી. પટેલ શાળામાં ટી.બી. અવેરનેસ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧

આર.જી. અને એસ.બી. પટેલ શાળામાં ટી.બી. અવેરનેસ વિશે વિદ્યાર્થીનીઓને માહિતગાર કર્યા હતા. સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનોએ ટી.બી. અવેરનેસ વિશેની માહિતી વિદ્યાર્થીનીઓને આપી હતી. જેમાં સાયન્સ વિભાગની કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ ટી.બી. અવેરનેસ વિશે લાભ લીધો હતો. શાળાના આચાર્ય ગિતેષભાઈએ પણ આજુ બાજુ કયાંય ટી.બી. ગ્રસ્ત વ્યકિત હોય તો ટી.બી. અંગે માર્ગદર્શન આપી મદદરૂપ થવાની વિદ્યાર્થીનીઓને સમજ આપી હતી.



વરસાદી સિઝનમાં ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. શહેરની નજીક આવેલા લેકાવાડા ગામે અતિ ઝેરી કોબ્રા સાપ અને રસેલ વાઈપર નીકળતા પ્રજાજનો ભયભીત બની ઉઠયા હતા. આમ આદમી પાર્ટીના ગુંજનભાઈએ આ બંને સર્પને પકડીને વનવિસ્તારમાં છોડી મુકયા હતા.

## આજે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'મુજમાં ગાંધી' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં ગાંધીજયંતી નિમિત્તે પરમ પૂજ્ય મહાત્મા ગાંધીને અંજલિ આપવા સુંદર કાર્યક્રમ 'મુજમાં ગાંધી?'નું આયોજન આવતીકાલે બપોરે ૩:૩૦ થી ૫:૩૦ સુધી ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ, ચ-૦, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.

કાર્યક્રમના વક્તા તરીકે વી. એસ. ગઢવી-રિટાયર્ડ આઈ.એ.એસ., સમાજસેવિકા મમતાબેન રાવલ, અને સાહિત્યકાર ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી હાજરી આપશે. 'મુજમાં ગાંધી?' જાહેર કાર્યક્રમ છે. ગાંધીનગરના નગરજનોને આ કાર્યક્રમમાં પધારવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.



જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાલયમાં મેદાનમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેની જાગૃતિનું ઉદાહરણ દર્શાવ્યું હતું. જેમાં શિક્ષકો અને આચાર્ય પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગાંધી જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૧

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ માં ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપવા તથા તેમના વિચારો તથા તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી આ ઉજવણી કરવામાં આવી હતી. નાનકડા ભૂલકાઓ માટે ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન કે જેમાં દેશભક્તોના પરિવેશમાં બાળકોએ સજ્જ થઈ બાળકોએ પરફોર્મન્સ આપ્યું હતું. અને તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો નિયમ લીધો હતો. ત્યારબાદ ગાંધીજીની ઐતિહાસીક ઘટનાઓ તથા તેમણે કરેલા સમગ્ર દેશ ભક્તિ ના કાર્યો ઉપર બાળકોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને તેને જીવનમાં પણ ઉતારવાની ખાતરી આપી હતી.

## જન્મદિને વધામણી



ડો. ભાવિન ભટ્ટ
સ્કીન સ્પેશ્યાલીસ્ટ-સે.૧૬



અંજનાબેન
મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



સૌમ્ય
ચિરાગભાઈ રાઠોડ
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



સુજાન ભરતભાઈ પરમાર
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧




વિવાન જીગર પટેલ
મો. ૯૯૨૪૧ ૧૩૪૫૭



રવિ શૈલેષભાઈ પટેલ



યુવરાજ પરમાર
મો. ૮૭૮૦૪ ૦૪૧૪૯



ગોહિલ જોગેશ્વરીબા
ક્રિશ્નદેવસિંહ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯



ધૈર્ય સ્નેહલભાઈ શાહ